અંધ, અંધ અને અપંગ શાળાઓ માટે સરાસરી હાજરીનું ધોરણ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૮૯-૧૨૮૧/૪૧/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૮-૧૧-૧૯૯૦

ઠ રા વ :-

રાજ્યની અંધ માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને અંધ અપંગ માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિદ્યાર્થીઓની સરાસરી હાજરી અને વર્ગ સંખ્યા નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પૂર્ણ વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણે ઠરાવે છે.

(૧) અંધ માધ્યમિક /ઉચ્ચતર માધ્યમિક શાળાઓ :-

(ક) અંધ શાળા માટે એક વર્ગમાં ઓછામાં ઓછી ૧૦ (દસ) વિદ્યાર્થી સંખ્યા હોવી જોઇએ. એટલે કે ૧૦ વિદ્યાર્થીએ એક વર્ગનું પ્રમાણ રાખવાનું રહેશે.

(ખ) વધારાના વર્ગ માટે નીચે પ્રમાણે વધુ સંખ્યા થાય તો જ નવો વર્ગ શરૂ કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | ૧૦ થી ૧૫ વિદ્યાર્થી | ૧ વર્ગ (પહેલો વર્ગ) |
| (૨) | ૧૬ થી ૨૫ વિદ્યાર્થી | ૧ વર્ગ (બીજો વર્ગ) |
| (૩) | ૨૬ થી ૩૫ વિદ્યાર્થી | ૧ વર્ગ (ત્રીજો વર્ગ) |
| (૪) | ૩૬ થી ૪૫ વિદ્યાર્થી | ૧ વર્ગ (ચોથો વર્ગ) |

ઉપર પ્રમાણે વિદ્યાર્થી સંખ્યા ન જળવાય તો, તેટલા પ્રમાણમાં વર્ગ ઘટાડો કરવાનો રહેશે. અને બંધ થતા વર્ગના વિદ્યાર્થીઓને ચાલુ રહેતા વર્ગમાં સમાવી લેવાના રહેશે.

(ગ) અંધ શાળામાં ઓછામાં ઓછી ૫ (પાંચ) વિદ્યાર્થી સંખ્યા હશે ત્યાં સુધી અનુદાન કાપ આપવાની રહેશે નહિ. તેથી ઓછી થાય તો જ ગુણવત્તાને ધોરણે ચકાસણી કરીને યોગ્ય કાર્યવાહી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીએ કરવાની રહેશે.

(ઘ) જે તે શાળામાં, જે તે ધોરણનો એક જ વર્ગ હોય અને તેમાં એક જ વિદ્યાર્થી હોય તો પણ તે વર્ગને ચાલુ રાખી શકાશે. પરંતુ શાળાએ આવા કિસ્સામાં

વિદ્યાર્થી સંખ્યા વધારવા સક્રિય પ્રયત્નો કરવાના રહેશે. અને શાળા જો સતત ત્રણ વર્ષમાં માન્ય વિદ્યાર્થી સંખ્યા ને મેળવી શકે તો, ત્યાર બાદ તે અનુદાનને પાત્ર રહેશે નહિ.

(૨) અંધ અને અપંગ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા :

(ક) અંધ અને અપંગ વિદ્યાર્થીઓની શાળા માટે સરાસરી હાજરી વર્ગ દીઠ ૧૦ (દસ) જાળવવી જોઇશે.

(ખ) દરેક વર્ગમાં નિયત સરકારી હાજરી ૧૦ થી ઓછી થશે તો નીચે પ્રમાણે અનુદાન કાપ આપવામાં આવશે.

(૧) ત્રણ વિદ્યાર્થીની તુટ સુધી ૨૫ %

(૨) સાત વિદ્યાર્થીની તુટ સુધી ૫૦%

(૩) સાતથી વધારે તુટ માટે ૧૦૦%

(ગ) સરાસરી હાજરીમાં ૩ વિદ્યાર્થી સુધીની તુટ માફ કરવાની સત્તા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને આપવામાં આવે છે.

(૩) આ શાળાઓને શિક્ષણ વિભાગના તા. ૬-૮-૭૭ના ઠરાવ ક્રમાંક:જીએસી-૧૦૭૭-૫૦૭૭૧-ગ અને તા. ૮-૨-૮૦ ના ઠરાવ ક્રમાંક:શખસ-૯૧૭૭-૫૦૨૩૧-ગ૧ માં નક્કી થયા મુજબ શિક્ષક મળવાપાત્ર રહેશે.

(૪) આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૭-૧૧-૯૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. મ. સતરીયા)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય, રાજભવન, ગાંધીનગર.
૨. મુખ્ય મંત્રીશ્રીના તથા તમામ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
૩. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી
૪. ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
૫. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ૧૦ + ૨ ઘટક, પાટનગર યોજના ભવન, એલીસબ્રીજ, અમદાવાદ
૬. તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
૭. મહાલેખાકાર ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
૮. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
૯. નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર.
૧૦. નાણાકીય સલાહકાર, શિક્ષણ વિભાગ.
૧૧. વિભાગની તમામ શાખાઓ.
૧૨. સિલેક્ટ ફાઇલ, 'ગ' શાખા

સોલંકી:૨૭૧૧૯૦/